# મોડાસામાં ત્રણ વાંદરાના જર્જરીત પૂતળા ઢાંકી દેવાયા

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં આગામી ૩૦મી જૂને મોડાસામાં વડાપ્રધાન આવી રહ્યા છે ત્યારે ભાજપા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી રહ્યુ છે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપાના અગ્રણી હોદ્દેદારો અને મંત્રીઓની ઉપસ્થિતિ અચૂક હોય છે. ત્યારે ૨૮ જૂને બાકરોલ નજીક આવેલા ગાંધી સ્મારક (મીની રાજઘાટ)થી એક પદયાત્રાનુ આયોજન કરી લોકચાહના પેદા કરવા પ્રયત્નો હાથ ધર્યા છે. જ્યારે બીજી બાજુ તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ મોડાસા પ્રવેશદ્વાર હજીરા વિસ્તારમાં મુકવામાં આવેલા ગાંધીજીના ત્રણ વાંદરાના પૂતળા જર્જરીત હાલતમાં હોવાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોટા મોટા હોર્ડિંગ્સ લગાવી તંત્રની ઘોર બેદરકારી છુપાવી દેવામાં આવી છે. કરોડો રૂપિયાનો ખર્ચ કરવાનો એંધાણ સાથે ત્રણ વાંદરાનું સમારકામ નહિ કરાતા રાજકીય પક્ષોની બેધારી નીતિ આંખે ઉડીને વળગે છે.

મોડાસાના પ્રવેશ દ્વાર હજીરા વિસ્તારના ત્રણ રસ્તા સર્કલ પર જવાબદાર તંત્ર દ્વારા સર્કલ બનાવવામાં આવ્યુ હતુ. આ સર્કલ પર સેવાકીય સંસ્થાના સહયોગથી શહેરના પ્રવેશદ્વારની શોભા વધારતા સર્કલ પર ગાંધીજીના ત્રણ વાંદરાના પુતળા મુકવામાં આવ્યા હતા પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી જવાબદારતંત્રની બેદરકારીના કારણે અને પુતળાની ઉપેક્ષા કરાતા જર્જરીત હાલતમાં હોવા છતાં સમારકામ કરવામાં આવ્યુ નથી.






વિકાસની બૂમરાણ મચાવનારાઓ સર્કલ પરના ત્રણ વાંદરાના પૂતળાની જાળવણી કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. ૩૦મી જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોડાસામાં આવી રહ્યા છે ત્યારે તેમની બેદરકારી ઉઘાડી ન પડી જાય તે રીતે ત્રણ જર્જરીત પૂતળા સંપૂર્ણ ચારેય બાજુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવકારતા મોટા-મોટા હોર્ડિંગ્સ દ્વારા ઢાંકી દેવામાં આવી લોકોની આંખોમાં જવાબદારતંત્ર દ્વારા ધૂળ નાંખવામાં આવી છે.

મોડાસાના પ્રવેશદ્વાર સર્કલ પરથી જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, બંને રાજકીય પક્ષના અગ્રણીઓ અને કહેવાતા ચુસ્ત ગાંધીવાદીઓ અહીંથી વારંવાર પસાર થતા હોવા છતા ત્રણેય જર્જરીત વાંદરાના પૂતળાઓ ન દેખાતા તમામની કામગીરી સામે પ્રશ્નો પેદા થયા છે.

ભાજપા પક્ષ દ્વારા અથવા વહીવટીતંત્ર દ્વારા કે પછી જવાબદાર તંત્ર દ્વારા ત્રણેય જર્જરીત વાંદરાના પૂતળાઓના સમારકામના બદલે તેમની જે તે હાલતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટઆઉટ લગાવી ઢાંકી દેવાતા રાજકીય પક્ષો દેશના મહાનુભાવોનો ફક્ત મત માટે જ ઉપયોગ કરતા હોય તેવુ સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે.

'બુરામત દેખો, બૂરા મત સુનો અને બુરા મત કહો'ના શુભ સાથે પ્રસ્થાપિત કરેલ ત્રણ વાંદરાના પૂતળાઓની હાલત બુરી થઈ ગઈ છે ત્યારે ૨૮ જુને યોજાનાર ગાંધીજીના સ્મારક (મીની રાજઘાટ)થી મરડીયા સુધીની પદયાત્રામાં જોડાનાર ભાજપાના અગણીઓ અને આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી એક નજર આ ત્રણેય જર્જરીત વાંદરાના પૂતળા તરફ નાખે તે પણ ખૂબ જ જરૂરી છે. અને સરકારના વિકાસના દાવાઓ પોકળ સાબીત કરતા જવાબદાર તંત્ર સામે પણ યોગ્ય પગલા ભરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

ત્રણેય જર્જરીત વાંદરાના પૂતળા ઢાંકવા પાછળનો ઉદ્દેશ્ય ચર્ચાના મુદ્દો બન્યો છે.

## પાલનપુરમાં જી.એસ.ટી.ના વિરોધમાં કાપડ બજાર બંધ

પાલનપુર, તા. ૨૭

એક બાજુ મોદી સરકાર જી.એસ.ટી. દાખલ કરવા કટિબદ્ધ બની છે. ત્યારે બીજી બાજુ વેપારીઓ જી.એસ.ટી.નો વિરોધ કરી રહ્યા છે. આજે પાલનપુર ખાતે પણ જી.એસ.ટી.ના વિરોધમાં કાપડ બજારે બંધ પાળી વિરોધ જતાવ્યો હતો.

જી.એસ.ટી.ના વિરોધમાં રાજ્યભરના કાપડ બજારે ભારે વિરોધ વ્યક્ત કરતા આજથી ત્રણ દિવસ બંધ પાળવાનો નિર્ણય કર્યો છે. ત્યારે આજે પાલનપુર કાપડ બજારના વેપારીઓ પણ રાજ્યવ્યાપી બંધમાં જોડાયા હતા.

જોકે, કાપડ બજારના બંધમાં કેટલાક વેપારીઓ જોડાયા ન હતા. ત્યારે કાપડ બજાર બંધ કરાવવા વેપારીઓને મેદાનમાં ઉતરવું પડ્યું હતું.

# વાધપુર ગામે વિજ ફોલ્ટ થતાં ઈલેટ્રોનિક ઉપકરણો બળી ગયા

### છેલ્લાં ત્રણ દિવસથી રજૂઆત કરવા છતાં કાર્યવાહી હાથ ધરવામાં ન આવતાં ગામજનોને નુકશાન સહન કરવાનો વારો આવ્યો : વિજ કંપનીની લાપરવાહી







સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના વાધપુર ગામે ગઈ રાત્રીએ વિજ ફોલ્ટ થતાં ગામમાં આવેલ ધરો માં રહેલ વિવિધ વિજ ઉપકરણો બળી જતાં ગ્રામજનોને ત્રણ લાખથી પણ વધારે નુકશાન. પ્રાંતિજ ના વાધપુર ગામે છેલ્લા ત્રણેક દિવસ થી વોલ્ટેજ વધધટ થતાં થાંભલાઓ ઉપર વિજ કરંટ આવવાની કંપ્લેનો વાધપુર ગામજનો તથા સરપંચ દ્વારા પ્રાંતિજ વિજકંપનીમા કર્યા છતાં તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં ગામજનો ને સહન કરવાનો વારો આવ્યો છે અને ૪૦૦૦ જેટલી વસ્તી ધરાવતાં આ ગામમાં રાઠોડ વાસ, વણકરવાસ, બાળરોડા મહેલ્લો, ઓરડાં મહેલ્લો, યુવડીયા મહેલ્લો વગેરે વિસ્તારોમાં ગઈ રાત્રીએ અચાનક વિજ ફોલ્ટ થતાં ફ્રીઝ, ટીવી, એસી, પંખા, ટુબ લાઈટો, બલ્બ સહિતના ઈલેટ્રોનિક ઉપકરણો બળી ગયાં છે અને કપ્લેન કરવા છતા કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં આ ગરીબ પરીવારોને ગ્રામજનોને ધરે- ધરે ઉપકરણો બળી જતાં હાલ કુલ ત્રણ લાખથી પણ વધારે નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે ત્યારે આ અંગે વિજકંપની પ્રાંતિજના એન્જિનિયર ગાંધીનો ઓફિસ ઉપર તથા ફોન ઉપર સંપર્ક કરતાં તેવો બહાર છે થોડી વારમાં આવશે તેવાં જવાબો મલતા હતાં અને તેવો કેમેરા સામે આવવાં તૈયાર ન હતાં ત્યારે શું વિજકંપની દ્વારા વિવિધ ઉપકરણો સામે વળતર મળશે કે કેમ એ તો હવે જોવા નુ રહ્યું જયારે હાલતો પ્રિમોન્સુગ નુ પ્લાનીગ ના કરવામાં આવતાં વિજકંપની ની ઠેર ઠેર રાહ છે અને ખાલી કાગળ ઉપર પ્રિમોન્સુગ પ્લાનીંગ થતું હોય તેવું પણ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.



## ખેડૂતોના દેવા નાબુદીના પ્રશ્નો માટે કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન

કોંગ્રેસ દ્વારા આજરોજ કાંકરેજ તાલુકાના થરા નજીક ગોપાલ પેટ્રોલ પંપ નજીક હાઈવે પર સવારે કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ થરા શહેર કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેવા માફી સહિતના વિવિધ પ્રશ્નોને આવરી લઈ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ઠક્કર, કાંકરેજ કોંગ્રેસના પ્રભારી રમણજી ઠાકોર, હેમુભાઈ જોષી, મહામંત્રી જોગાજી ઠાકોર, થરા શહેર પ્રમુખ અલ્પેશ શાહ, ભૂપતજી ઠાકોર, નીતાબેન ઠાકોર, પુરણસિંહ વાઘેલા, સુરેશ ખટાણા સહિતના કાર્યકરો અને પાર્ટીના હોદ્દેદારોની હાજરીમાં નેશનલ હાઈવે પર ટાયર સળગાવી રસ્તો બંધ કરી ઉગ્ર દેખાવો કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા રસ્તો ખુલ્લો કરવા તેમજ આંદોલનને રોકવા બંદોબસ્ત ગોઠવી ૩૨ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જેને થરા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ હતા.

# આજે ગાંધી સ્મારક મહાદેવગ્રામથી મરડીયા સુધીની પદયાત્રા

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લામાં આગામી ૩૦મી જૂને મોડાસામાં વડાપ્રધાન આવી રહ્યા છે ત્યારે તે અગાઉના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે આજે ૨૮મી જૂન બુધવારે મોડાસા તાલુકાના મહાદેવગ્રામ(બાકરોલ) નજીકના હથિયા ડુંગર ઉપર આવેલ ગાંધી સ્મારક(મીની રાજઘાટ)થી એક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રામાં આસપાસના ગામોમાંથી મોટો સમુદાય જોડાશે. આ પદયાત્રા ૨૮મીએ સાંજના ૪ વાગ્યે રાજ્યના આરોગ્યપ્રધાન શંકરભાઈ ચૌધરી, પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ ડૉ. ઋત્વિક પટેલ, જિલ્લા પ્રભારી હર્ષદગિરિ ગોસ્વામી, જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભીની આગેવાનીમાં નિકળશે. આ પદયાત્રામાં આસપાસના ગામોમાંથી મોટો સમુદાય જોડાશે.

જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલના જણાવ્યાનુસાર આ પદયાત્રા મહાદેવગ્રામ ગાંધી સ્મારકથી પ્રસ્થાન કરી વાઘોડિયામાં ગ્રામજનો દ્વારા તેનું સ્વાગત થશે તે પછી જીતપુર ગામે ગ્રામજનો દ્વારા પદયાત્રાનું સ્વાગત કરાશે. સુરપુર ગામે પણ સ્થાનિકો દ્વારા સ્વાગત થશે અને છેલ્લે હાઈવે ઉપર મરડીયા ખાતે જીતપુરની સી.એમ. સુથાર હાઈસ્કૂલના પટાંગણમાં આ પદયાત્રા એક જાહેર સભાના રૂપમાં ફેરવાશે જ્યાં મહાનુભાવો ઉપસ્થિત લોકોને સંબોધન કરશે.

# ક્ષત્રિય ઠાકોર સેનાએ ખેડૂતોના દેવા માફ માટે આવેદનપત્ર આપ્યુ

ઊંઝા, તા. ૨૭

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ઊંઝા તાલુકા ઠાકોર સેના દ્વારા ખેડૂતોના દેવા માફ કરવા માટે આજે ઊંઝા

આવેદનપત્રમાં જણાવાયું છે કે ગુજરાતના ખેડૂતો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હજી સુધી ગામે ગામ ખેતરોમાં સિંચાઈ માટે પાણી મળતુ




મામલતદારને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. અને આગામી ૭મી જુલાઈ સુધીમાં ખેડૂતોનું દેવુ માફ નહીં કરાય તો ૮મી જુલાઈથી ઠાકોર સમાજના અગ્રણી અલ્પેશ ઠાકોરની આગેવાની હેઠળ ભુખ હડતાલ પર ઉતરવાની ચિમકી આપવામાં આવી છે.

ઊંઝા મામલતદારને અપાયેલ નથી. વીજળી મળતી નથી, પાકના યોગ્ય ભાવ મળતા નથી. આવી અનેક મુશ્કેલીઓથી ખેડૂતવર્ગ પરેશાની ભોગવી રહ્યો છે. ખેડૂતોના દિકરાઓ શહેરો તરફ પ્રાયણ કરી રહ્યા છે. આવી સ્થિતિને ધ્યાનમાં લઈને ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર સરકારની માફક ગુજરાત સરકારે પણ સત્વરે ખેડૂતોનુ દેવુ માફ કરી દેવુ જોઈએ.

# જાણીતા ગાયક કલાકાર કિંજલ દવેએ પ્રાંતિજ કોલેજમાં પ્રવેશ મેળવ્યો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી બગડી ગીતથી ફેમસ થયેલ ગાયક કલાકાર કિંજલ દવેએ પ્રાંતિજ કોલેજ ખાતે બી.એ ના પ્રથમ વર્ષમાં પોતે બી.એ.ના પ્રથમ વર્ષમાં સિંગરના વ્યવસાયની સાથે સાથે ભણતરને પણ આગળ વધારવા માટે



એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કિંજલ દવેએ બી.એ.ના પ્રથમ વર્ષમાં એડમીશન ફોર્મ ભર્યુ.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ આર્ટ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નાના મોટા સોના હોઠે હાલ લગ્નમાં કે ગાડીઓમાં કે પાર્ટીઓમાં ગીત ગુંજી રહ્યું છે તે ચાર- ચાર માંગતા પ્રાંતિજ કોલેજ ખાતે એડમીશન લીધું હતું. ત્યારે અન્ય બાળ કલાકારો તથા વિદ્યાર્થી બાળકો મિત્રો માટે પ્રેરણાદાયક છે કે વ્યક્તિ ગમે તેટલી મોટી હસ્તી થઈ જાય પણ અભ્યાસ વિના બધુ નકામું છે અને એજ હેતુથી કિંજલ દવેએ પણ આગળ વ્યવસાયની સાથે અભ્યાસમાં પણ પાછળ રહેવા ના એડમીશન લીધું છે ત્યારે આ પ્રાંતિજ કોલેજમાં કિંજલ દવે પહેલા પણ ઘણા સેલીબ્રીટીઓએ અભ્યાસ કયો છે અને હજુ પણ અભ્યાસ કરે છે ત્યારે બાળકો સહિત મોટા લોકોના ચાહીતા ગાયક કલાકાર કિંજલ દવે પ્રાંતિજ કોલેજ ખાતે આવવાના સમાચાર મળતાં કિંજલ દવેના ફેન્ડ કોલેજ પાસે દોડી આવ્યાં હતા.

# શિહોરી પોલીસ સ્ટેશનમાં મારામારીની સામ સામે ફરિયાદ

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ધનેરા ગામના દેસાઈ જેબરબેન વેરસીભાઈએ ધાનેરા તા. કાંકરેજ, જિ. બનાસકાંઠાવાળાએ શિહોરી પો. સ્ટે. સેકન્ડ ગુ.ર.ન. ૩૫/૨૦૧૭ આઈપીસી ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ જીપીએક્ટ ૧૩૫ મુજબની સામસામે ફરિયાદો દાખલ થવા પામી છે. જોકે આરોપી સુંડાભાઈ ખુમાભાઈ દેસાઈ, નવઘણભાઈ દાનાભાઈ દેસાઈ, બાબુભાઈ હિરાભાઈ દેસાઈ ત્રણેય રહે. ઈન્દ્રમાણા, તા. કાંકરેજ, દેસાઈ મોહનભાઈ લીલાભાઈ રે. દિયોદર વિરૂદ્ધ જેબલબેન દેસાઈએ ફરિયાદ નોંધાવી છે. આ ચારેય આરોપીઓએ જેબરબેનને કહેલ કે તારા દિયરના દિકરાના અમારા ગામની આશાબેન સાથે કરેલ છે અને સમાજની રીતે છુટાછેડાની વાતચિતમાં સમાજના દાવાના આપી દેજે તેમ કહિ ભુંડી ગાળો બોલી ચારેય જણ ઉશ્કેરાઈ લાકડી અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ દાખલ થઈ હતી. જ્યારે તેમના વિરોધીએ પણ ફરિયાદ દેસાઈ બાબુભાઈ હરિભાઈ રે. ઈન્દ્રમાણા, તા. કાંકરેજવાળાએ શિહોરી પો. સ્ટે. ૩૨/૧૭ આઈપીસી ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ જીપીએક્ટ ૧૩૫ મુજબ આરોપી રમેશભાઈ હેમાભાઈ દેસાઈ, હજાભાઈ વેરસીભાઈ દેસાઈ, બબાભાઈ લેબાભાઈ દેસાઈ, કૌશિકભાઈ રમેશભાઈ રબારી તમામ રહે. ધાનેરા, તા. કાંકરેજ, જિ. બ.કા.વાળા વિરૂદ્ધ ફરિયાદ દાખલ થતાં રબારી સમાજના સગપણવાળાના ઝઘડાના દાવાના પૈસાની લેતી દેતીમાં ફરિયાદિ ધનેરા ગામે ભેંસોની ખરિદી માટે મોટરસાઈકલ લઈ જઈ ઉભુ રાખતા આરોપીઓએ આશાબેનનું છુટ્ટુ કરવાના નથી અને વ્યવહારના પૈસા માગો છો એમ કહિ ઉશ્કેરાઈ ગાળો બોલી માર મારતા બન્ને પક્ષની સામ સામે ફરિયાદો નોંધાવા પામી છે. જેની તપાસ એએસઆઈ ભૂપતભાઈ પટેલ ચલાવી રહ્યા છે. આમ સામાજીક મામલાને લઈ ધનેરા અને ઈન્દ્રમાણાના રબારી ઈસમો સામસામે આવી જતા મામલો બિચકતા મારામારી સુધી પહોંચતા અંતે ફરિયાદો નોંધાઈ હતી.

# ચેખલા ગામના આધેડે દવા પી જતા શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

કાંકરેજ તાલુકાના ચેખલા ગામના એક ઠાકોર ઈસમ ઝેરી દવા પી આત્મહત્યા કરવાની કોશિષ કરતાં ચકચાર મચી જવા પામી છે. જોકે ઝેરી દવા પીનાર ભરતજીના પિતા ઠાકોર સુરસંગજી ચતુરજી કાંકરેજના દુગ્રાસણ ગામે કોઈ અગમ્ય કારણસર દવા પી જતા તાત્કાલિક પાટણ ધારપુર ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જે બાબતે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ એન્ટ્રી નં. ૧૩/૧૭ જાહેર કરનાર એએસઆઈ દલાભાઈ નરસીભાઈ ધારપુર પોલીસ ચોકી, બાલીસણા પો. સ્ટે. જિ. પાટણ વાળાએ ટેલીફોન વર્ધી આપી જાણ કરેલ છે. જોકે વધુમાં એએસઆઈ ધારપુર દલાભાઈએ ઝેરી દવા પી જનારનુ નિવેદન લીધેલ છે અને બનાવ દુગ્રાસણ ગામનો હોઈ જે બાબતનુ નિવેદન મેળવી લેવા જાણ કરેલ જેની તપાસ દેસાઈ રત્નાભાઈ એએસઆઈ ચલાવી રહ્યા છે. તેવુ પીએસઓ શિહોરી મણીભાઈએ જણાવ્યુ હતુ.

## મહેસાણામાં આજે મહિલા રોજગાર ભરતી મેળો યોજાશે

મહેસાણા જિલ્લામાં મહિલા રોજગાર ભરતી મેળો ૨૮ જુન ૨૦૧૭ના રોજ કોમ્યુનીટી હોલ, પાણીની ટાંકી પાસે જી.આઈ.ડી.સી મહેસાણા ખાતે સવારે ૯ કલાકથી યોજાશે. આ મહિલા જોબફેરમાં એસ.એસ.સી.થી માંડીને તમામ લાયકાત ધરાવતા મહિલા ઉમેદવારો ઉપસ્થિત રહી શકશે.

## ઉનાવા ખાતે નિદાન સારવાર કેમ્પ યોજાયો

મહેસાણા જિલ્લાના ઉનાવા ખાતે નિદાન સારવાર કેમ્પનું આયોજન શારદાબા ચેરીટેબલ ટ્રસ્ટ અને તાલુકા આરોગ્ય કચેરી ઉંઝા દ્વારા કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં ૧૦૦૦ કરતાં વધારે જરૂરીયાતમંદ દર્દીઓએ સારવાર લીધી હતી. આ કેમ્પમાં ફિઝીશીયન, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત તથા વિવિધ નિષ્ણાંત દાક્તરોએ સેવા આપી હતી.

## પાટણવાડા રોહિત સમાજ દ્વારા પંચામૃત કાર્યક્રમ યોજાયો

પાંચસો પાટણવાડા રોહિત સમાજ દ્વારા પંચામૃત કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૪૦ જેટલા તેજસ્વી તારલાઓ ૯૫ નવીન કર્મચારીઓ અને ૪૦ નિવૃત કર્મચારીઓનું શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.